## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના ચિંતા જેવું નથી, પણ બહેન હવે વરસાદમાં આમને વોટરપ્રુફ માસ્ક પહેરાવીને બહાર મોકલશો નહી...!!!

# ગાંધીનગરની નર્સરીઓમાંથી રોપા વિતરણનો પ્રારંભ

## દર વર્ષે જૂન માસના પ્રથમ સપ્તાહમાં શરૂ થતુ રોપા વિતરણનુ કાર્ય કોરોનાના કારણે આ વર્ષે મોડુ શરૂ થયુ : વન ચેતના કેન્દ્ર સહિતની તમામ સરકારી નર્સરીઓમાંથી નજીવી કિંમતે રોપાઓનું વિતરણ શરૂ કરવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગ્રીનસીટી ગાંધીનગરને વધુ હરીયાળુ બનાવવાનો યોગ્ય સમય આવી ગયો છે. વરસાદ શરૂ થતાં જ શહેરની વિવિધ નર્સરીઓમાંથી વિવિધ પ્રકારના છોડનું વિતરણ નજીવા દરે શરૂ કરવામાં આવ્યું છે. આર્યુવેદિક અને સુશોભનના વિવિધ છોડ અને વેલાઓનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. રાજયનું પાટનગર ગાંધીનગરે હજુ તેની ગ્રીનસીટી તરીકેની ઓળખ જાળવી રાખી છે. ગાંધીનગરમાં હજુ ફલેટ કલ્ચર એટલુ વિકાસ પામ્યુ નથી. એટલે ખુલ્લી જગ્યા ખૂબ જ મળી રહે છે. વળી ઘરની આગળ આવેલી જગ્યાઓમાં અને કોમન પ્લોટમાં વિવિધ પ્રકારના વૃક્ષો, વેલાઓ અને ઔષધિઓ ઉછેરવાની પ્રવૃત્તિ વર્ષોથી ગાંધીનગરાઓ કરે છે. સામાન્ય દિવસોમાં જૂન માસના પ્રારંભે જ શહેરમાં આવેલી વિવિધ સરકારી નર્સરીઓમાંથી રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ આ વખતે કોરોનાના કારણે રોપા વિતરણની કામગીરી ૧૫મી જૂનથી શરૂ કરવામાં આવી છે. સેકટર-૩૦ના વનચેતના કેન્દ્રમાંથી રોપાઓનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. ખાનગી નર્સરીઓમાં ઉંચી કિંમતે મળતા વિવિધ છોડના રોપાઓ અહી માત્ર પાંચ, દસ કે પંદર રૂપિયામાં મળી જાય છે. વનચેતના કેન્દ્રમાંથી વિવિધ પ્રકારના આર્યુવેદિક ઔષધિઓના રોપાઓ જેવા કે તુલસી, અરડુસી, સપ્તપર્ણી, ગળો, બીલીપત્ર, સેવન, અશોક વગેરેના રોપાઓ મળી રહ્યા છે. આ ઉપરાંત સીતાફળ, રામફળ, જાંબુ, જામફળ, આંબો વગેરે ફળાઉ વૃક્ષોના રોપાઓ અને ચંપો, ચમેલી, સેવંતી, પામ, મધુમાલતી જેવા સુશોભનના વૃક્ષો અને વેલાઓના રોપાઓ પણ નજીવી કિંમતે મળી રહ્યા છે. વનચેતના કેન્દ્ર ઉપરાંત શહેરમાં વિવિધ સ્થળોએ આવેલી વનવિભાગ અને કોર્પોરેશનની નર્સરીઓમાંથી પણ આપણી પસંદગી મુજબના રોપાઓ ખરીદી શકાય છે અને આપણી આસપાસના વિસ્તારનો લીલુછમ બનાવી શકાય છે.

## ખૂણેખાંચરેથી

- આજે જિલ્લા આયોજન મંડળની વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મળેલ બેઠકમાં અવાજ ત્રુટક ત્રુટક સંભળાતો હતો અને સૂચનો કરવા માટેની તક ઓછી મળી તેવી વાતો પંચાયતમાં ચર્ચાતી સાંભળવા મળી હતી.
- કેટલાક વિભાગોમાં છેલ્લા પાંચેક મહિનાથી ઉચ્ચત્તર પગાર ધોરણના સ્ટીકર જ ન મળતા હોવાની વાતને લઈ કર્મચારીઓમાં ગણગણાટ શરૂ થયો છે.
- આગામી સપ્તાહથી ધીમી ગતિએ ચાલતુ વહીવટીતંત્ર પોતાનો ગિયર બદલશે અને હવે બેઠકોનો દોર સહિતની કામગીરી વેગ પકડશે તેમ મનાઈ રહ્યુ છે.
- ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘે સમાજકલ્યાણ વિભાગને એક પત્ર લખી તેમના વિભાગ દ્વારા બાળકને ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિની રકમ જે સી.એમ. ડેશ બોર્ડમાં દેખાતી નથી તે પુનઃ જોવા મળે તેની વ્યવસ્થા પુનઃ પ્રસ્થાપિત કરવા રજુઆત કરી છે.
- કલોલ પ્રાંત અધિકારીની કચેરી દ્વારા હેન્ડવોશ માટે બે હજારથી વધુ કીટ કલોલના સ્લમ એરિયામાં વિતરીત કરવામાં આવી.
- રાજયના આઈ.પી.એસ. અધિકારીઓની બદલીને લઈ આજે અટકળોનો ભારે દોર સચિવાલય સંકુલમાં ચર્ચાનો મુદ્દો હતો. આ ઉપરાંત સનદી અધિકારીઓની બદલી પણ આગામી સપ્તાહમાં થવાના સંકેતો સચિવાલયના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

## લોકડાઉન દરમ્યાન નગરસેવકોની કામગીરીથી ૭૧ ટકા નાગરિકો અસંતુષ્ટ..!!

ગાંધીનગર, તા. ૧૬

લો બોલો, એક તરફ કોરોના મહામારીએ છેલ્લાં ત્રણ માસ દરમ્યાન ગાંધીનગરના નાગરિકોનું જીવન અત્યંત મુશ્કેલીભર્યુ બની ગયું હતુ ત્યારે પોતાને ''નગરસેવક'' કહેડાવતા મોટાભાગના મ્યુનિસિપલ કાઉન્સિલર્સ શહેરીજનોને મદદરૂપ થવાં ડોકાયાં નથી. શહેરના એક વેબ પેજ દ્વારા કરવામાં આવેલા ઓનલાઈન સર્વે અનુસાર ૭૧ ટકા નાગરિકોએ લોકડાઉન દરમ્યાન તેમના વિસ્તારના કોર્પોરેટર તેમને મદદરૂપ થયાં નથી તેવું સ્વીકાર્યુ હતુ, જયારે માત્ર ૨૯ ટકા નાગરિકોએ નગરસેવકની સેવા પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર શહેરને લગતી બાબતો તેમજ માહિતી પુરી પાડતા અંદાજે દસેક વેબ પેજ ચાલી રહ્યાં છે જેમાં શહેરીજનો સોશિયલ મિડીયાના માધ્યમથી જોડાયેલાં હોય છે. આવા જ એક વેબ પેજ ''હેલ્લો ગાંધીનગર'' દ્વારા તાજેતરમાં તેના ફોલોઅર્સને એક સવાલ પુછવામાં આવ્યો હતો કે ''લોકડાઉન દરમ્યાન શું તમારા કોર્પોરેટર દ્વારા તમને મદદ મળી ?'' જેના જવાબમાં કુલ ૧૦૩૬ નાગરિકોએ પોતાનું મંતવ્ય આપ્યા હતા જેમાંથી ૭૧ ટકા નાગરિકોએ એટલે કે ૭૩૨ નાગરિકોએ ''ના'' વિકલ્પ પસંદ કર્યો હતો. એનો મતલબ સ્પષ્ટ છે કે ૭૧ ટકા નાગરિકોને લોકડાઉન દરમ્યાન તેમના સ્થાનિક કોર્પોરેટર્સ દ્વારા કોઈ પ્રકારની મદદ પ્રાપ્ત થઈ નહોતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના કુલ ૮ વોર્ડ છે અને દરેક વોર્ડમાં કુલ ૪ લેખે કુલ ૩૨ નગરસેવકો શહેરમાં જનતાની સેવા માટે કાર્યરત છે પરંતુ મોટા ભાગની જનતાને તેમની કામગીરીથી સંતોષ નથી માત્ર ૨૯ ટકા નાગરિકોએ તેમના નગરસેવકની સેવા પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# પ્રાયોરીટીના કામો સમય-મર્યાદામાં પૂર્ણ કરવા તથા ગુણવત્તા જાળવવા અનુરોધ

### મહેસૂલમંત્રીશ્રી અને પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલનો અનુરોધ : ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વર્ષ-૨૦૨૦- ૨૧ માટે ૩૯૯ વિકાસ કામો માટે રૂપિયા ૮૦૯ લાખનું આયોજન મંજુર

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠક આજે જિલ્લા પ્રભારી મંત્રી અને મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ હતી. મંત્રીશ્રીએ સ્વર્ણિમ સંકુલ ખાતેથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લાની પાંચ વિવિધ કચેરીઓમાં ઉપસ્થિત સર્વે અધિકારી-પદાધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં આયોજન મંડળના કામોમાં પીવાનું પાણી, શિક્ષણ અને આરોગ્યના કામોની પ્રાયોરીટીની સાથે સાથે સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા અને સ્થળ મુલાકાત લઈ ગુણવતા સંબંધિત સઘન ચકાસણી કરવા અધિકારીશ્રીઓને સુચના આપી હતી અને લોક પ્રતિનિધિશ્રીઓની અનુરોધ કર્યો હતો. તેમજ આગામી બેઠક દરમ્યાન સૌ પ્રથમ મોટા પાંચ પૂર્ણ થયેલ કામો અંગે સર્ટીફિકેટ રજુ કરે તેવી સુચના આપી હતી તેમજ કામો બેવડાય નહીં તેની તકેદારી રાખવા માટે જણાવ્યું હતું.

તેમણે શાળાના ઓરડામાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર અને ટેક્નોલોજીની સુવિધા શિક્ષકો અને બાળકોને ઉપલબ્ધ કરાવવાના કાર્યોનો પણ સમાવેશ કરવા



જણાવી તેમણે આયોજનના કામો પ્રગતિમાં છે, તેવો અહેવાલ આવે છે, તેના બદલે કામોનું સ્ટેટસ આપવું સૂચના આપી હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ ઉપસ્થિત ધારાસભ્યો, સસંદ સભ્યો અને પદાધિકારીશ્રીઓ પાસે દર્શાવેલ કામો અંગેના અભિપ્રાય અને સૂચનો માગ્યા હતા.

મહેસાણા સંસદસભ્ય શ્રી શારદાબેન પટેલે પ્રાથમિક શિક્ષણના ઓરડાની ઘટને દયાને લઈ તે બાબતે આયોજનમાં વધુ રકમની જોગવાઈ કરવી જોઈએ તેમ જણાવ્યું હતું. પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારે શિક્ષણ, આરોગ્ય અને આંગણવાડી ક્ષેત્રના કામોને આયોજનમાં પ્રાધાન્યતા અપાય તે જોવા ભારપૂર્વક જણાવ્યુ હતું. તેમજ અધ્યક્ષશ્રીના સૂચનો મુજબની કામગીરી થાય તે માટે બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સુચનાઓ આપી હતી.

જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ વિગતો આપતા જણાવ્યુંહતુંકે, જિલ્લામાં દરેક ગામો માટે તૈયાર કરવામાં આવતી વિલેજ પ્રોફાઈલને આધારે ગેપ એનાલીસીસ કરી આયોજનના કામો લેવામાં આવે છે.જે અન્વયે આંગણવાડીના ૧૦૦ લાખ તેમજ પ્રાથમિક શિક્ષણને લગતા ૮૮ લાખના કામો સુચવવામાં આવ્યા છે.

આયોજન મંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે તાલુકા, નગરપાલિકા તથા જિલ્લા કક્ષા તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનુ (ખાસ પ્લાન ) રૂ. ૮૦૯ લાખનુ ૩૯૯ કામોનુ આયોજન મંજુર કરવામાં આવ્યુ. કુલ ૩૯૯ કામો પૈકી પ્રાથમિક શિક્ષણ માટે રૂ. ૧૪૧ લાખ, પેવર બ્લોકના ૧૨૦લાખ, ગટરલાઈનના ૧૦૮ લાખના, આંતરિક ગ્રામ્ય રસ્તાના ૧૩૯ લાખના, ભુમિ સંરક્ષણના ૭૧લાખ, પાણી પુરવઠાના ૯૮લાખ, વિજળીકરણના ૧૫ લાખના કામો મંજુર કરવામાં આવ્યા છે.

## રાજ્યસભા ચૂંટણી : આજે ભાજપ ધારાસભ્યોની બેઠક મળશે

ગાંધીનગર, તા.૧૬

આગામી ૧૭ જુનના રોજ મુખ્યપ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં સાંજે ૫ વાગ્યે ઉમા હોલ ગાંધીનગર ખાતે ભાજપના ધારાસભ્યોની બેઠક મળશે. રાજ્યસભાની ચૂંટણીમાં બીજેપી ના ધારાસભ્યોને મત કેવી રીતે આપવો તેનું માર્ગદર્શન આપવામાં આવશે. એકડો લખતા ધારાસભ્યો ને શીખવાડશે.

ઉલ્લેખનીય છે કે, ગઈ વખતે રાજ્યસભાની ચૂંટણીમાં કૃષિ પ્રધાન રણછોડ ફળદુને એકડો લખતા આવડ્યો ન હતો. આર સી ફળદુનો મત રદ થયો હતો.

## ગાંધીનગર જિલ્લાની વધુ બે ખાનગી હોસ્પિટલ કોવિડ-૧૯ની સારવાર માટે માન્ય કરાઈ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની વધુ બે હોસ્પિટલને કોવિડ- ૧૯ અંતર્ગત ખાનગી સારવાર માટે અધિકૃત કરવામાં આવી છે. જેમાં રાંદેસણ ખાતેની એસએમવીએસ હોસ્પિટલ અને માણસાની રૂચી હોસ્પિટલનો સમાવેશ થાય છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મુનભાઈ સોલંકીએ જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં કોવિડ- ૧૯ ના વ્યાપ દિન પ્રતિદિન વધતો જાય છે. અમદાવાદ જિલ્લા અને શહેરમાં વ્યાપક કેસો છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ કેસો વધવાની શક્યતા રહેલી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાની ખાનગી હોસ્પિટલોને અધિકૃત સાંકળી લઈ જે દર્દીઓ સ્વખર્ચે સુવિધાઓ મેળવવા માંગતા હોય તો તે ખાનગી હોસ્પિટલોને અધિકૃત કરવી જરૂરી હોઈ ધી એપેડેમિક એક્ટ ૧૮૯૭ હેઠળ ગ્રામ્ય તેમજ શહેરી હોસ્પિટલોને કોવિડ- ૧૯ હોસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવેલા છે. અત્યાર સુધી એપોલો હોસ્પિટલ, ભાટ અને આશ્કા હોસ્પિટલ, સરગાસણ અધિકૃત કરેલી છે.

ગાંધીનગર જિલ્લામાં બીજી બે હોસ્પિટલ તા. ૧૫મી જૂન, ૨૦૨૦થી ઉમેરવામાં આવી છે. જેમાં એસ.એમ.વી.એસ હોસ્પિટલ, રાંદેસણ અને માણસાની રૂચિ હોસ્પિટલ માન્ય કરવામાં આવી છે. આ હોસ્પિટલમાં સ્વેચ્છાએ આવતા દર્દીઓ પાસેથી સારવાર તેમજ આનુસાંગિક ખર્ચે માનનીય નામદાર હાઈકોર્ટ દ્વારા છેલ્લા સેઈલીંગ રેટ મુજબ દર્દીઓએ ચાર્જ ચુકવવાનો રહેશે. આવા દર્દીઓની સારવાર ખાનગી પ્રકારની ગણાશે. આ સિવાય ગાંધીનગર જિલ્લામાં તમામ દર્દીઓ માટે આશરે ૬૦૦ થી વધુ પથારીની વ્યવસ્થા વિના મૂલ્યે સરકારી તંત્ર દ્વારા કરાયેલ છે.

### સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટના સભ્યપદ રદ કરવાના આદેશ પર સ્ટે ન આપ્યો

## ભાજપને મોટો ફટકો : પબુભા માણેક રાજ્યસભા ચૂંટણીમાં મતદાન નહિ કરી શકે

ગાંધીનગર, તા.૧૬

દ્વારકાના વિધાનસભાની બેઠક પરના વિવાદમાં પબુભા માણેક તથા ભાજપને આજે એક મોટો ઝટકો મળ્યો છે. પબુભા માણેકને સભ્યપદ રદ થવા મામલે સુપ્રીમમાંથી રાહત મળી નથી. રાજ્યસભાની ચૂંટણીના મતદાન પહેલા ગુજરાત ભાજપને મોટો ઝાટકો લાગ્યો છે. દ્વારકાના પૂર્વ ધારાસભ્ય પબુભા માણેક રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન કરી શકશે નહીં. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના સભ્યપદ રદ કરવાના આદેશ સામે સ્ટે આપ્યો નથી. ભાજપનું સંખ્યાબળ ૧૦૩નું જ રહેશે. રાજ્યસભાની ત્રીજી બેઠક જીતવા ભાજપ માટે એક એક મત મહત્વનો છે ત્યારે આ સમાચાર ભાજપને કેટલું નુકસાન પહોંચાડી શકે તેમ છે તે આગામી સમય બતાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં દ્વારકા વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ઉમેદવાર તરીકે વિજેતા બનેલા પબુભા માણેકના ઉમેદવારી પત્રમાં ભુલ હોવાના દાવા સાથે મેરામણ ગોરિયાએ ગુજરાત હાઈકોર્ટમાં એક પિટિશન દાખલ કરી હતી. ગુજરાત હાઈકોર્ટે આ પિટિશનનો ચુકાદો આપતા ૮૨ દ્વારકા વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણી રદ કરવાનો આદેશ આપ્યો હતો. જેના બાદ પબુભા માણેક સુપ્રિમ કોર્ટમાં ગયા હતા. તેમણે રાહત માટે સુપ્રીમમાં અપીલ કરી હતી, પંરતુ સુપ્રીમે તેને ફગાવી દીધી હતી. પબુભાની માંગણી સ્વીકારવામાં આવી નથી.

## આ વર્ષે બી.કોમમાં સીટ મેળવવામાં કોઈ સમસ્યા નહી

### ઓનલાઈન હશે એડમિશનની પ્રોસેસ

અમદાવાદ, તા.૧૬

આ વર્ષે કોમર્સમાં અંડરગ્રેજ્યુએટ કોર્સ માટે કોલેજમાં સીટ મેળવવી વિદ્યાર્થીઓ માટે અઘરી નહીં હોય. શહેરમાં આવી ૩૩૦૦૦ સીટો ઉપલબ્ધ છે જેની સામે ૩૩,૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ અમદાવાદ જિલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

ગુજરાત યુનિવર્સિટીના સૂત્રોએ જણાવ્યું કે, શક્ય છે કે કોલેજમાં એડમિશન પ્રોસેસ ઓનલાઈન જ કરાય. યુનિ.ના ઓફિશિયલ્સ મુજબ, પાછલા વર્ષના અનુભવને જોતા ઉંજીઝ જનરલ સ્ટ્રીમના ૩૦ ટકા વિદ્યાર્થીઓ આર્ટ્સમાં એડમિશન લઈ શકે, આથી ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેને સિલેક્ટ કરી શકે અથવા બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા લૉ જેવા પાંચ વર્ષના કોર્સમાં જઈ શકે છે. એવામાં કોમર્સ કોર્સમાં ૨૩,૦૦૦ જેટલા એડમિશન થઈ શકે છે.

ઓફિશિયલે કહ્યું, પાછલા વર્ષે ગાંધીનગર, આણંદ, ખેડા અને સાંબરકાઠાથી અંદાજે ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અમદાવાદની કોલેજોમાં એડમિશન લેવા આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના ઓફિશિયલે જણાવ્યું કે, હાલમાં એવું લાગે છે કે સીટ મેળવવામાં કોઈ સમસ્યા નહીં થાય. જોકે આ ટ્રેન્ડમાં થોડો ફેરફાર થાય છે અને ઘણા વિદ્યાર્થીઓ આર્ટ્સ સ્ટ્રીમ પસંદ નથી કરતા તો તેમાં થોડી મુશ્કેલી આવી શકે.

ગુજરાત યુનિવર્સિટી ગુરુવારથી કોમર્સ અને આર્ટ્સ કોર્સમાં એડમિશન લેવા માટે ઓનલાઈન પિન્સ ડિસ્ટ્રીબ્યૂટ કરશે. સોમવારે આ મામલે યુનિવર્સિટીના અધિકારીઓની કોમર્સ, આર્ટ્સ અને મેનેજમેન્ટ કોલેજોના ફેકલ્ટી સાથે મીટિંગ યોજાઈ હતી.

## રાજ્યમાં શ્રમિક અન્નપૂર્ણા ફૂડ બૂથ ૧૮ જૂનથી ફરીથી ખુલશે

ગાંધીનગર, તા.૧૬

શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલફેર બોર્ડ કડિયા નાકાં પર ફૂડ બૂથ ચલાવે છે. શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા જણાવે છે કે ''અન્નપૂર્ણા ફૂડ બૂથ લૉકડાઉનના કારણે કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવ્યાં હતાં. હવે આપણે અનલૉક ૧.૦ના તબક્કામાં છીએ ત્યારે અને બાંધકામ પ્રવૃત્તિ ચાલુ થઈ ગઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને અમે શ્રમિક અન્નપૂર્ણા ફૂડ બૂથ ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. મિત્રાએ જણાવ્યુ હતું કે ૧૮ જૂનથી શરૂઆતમાં ૮ જીલ્લાનાં ૬૮ ફૂડ બૂથ ફરીથી ચાલુ કરવામાં આવશે, જેમાં પશ્ચિમ અમદાવાદનાં ૧૮, ગાંધીનગરના ૩, સુરતનાં ૧૭ અને વડોદરાનાં ૧૨ બૂથ ઉપરાંત ભરૂચ અને ભાવનગરનાં ૪-૪ તથા નવસારીનાં ૩ તથા આણંદના એક બૂથનો સમાવેશ થાય છે. ૧૮ જૂનથી શરૂઆતમાં ૮ જીલ્લાનાં ૬૮ ફૂડ બૂથ ફરીથી ચાલુ કરવામાં આવશે, જેમાં પશ્ચિમ અમદાવાદના ૧૮, ગાંધીનગરનાં ૩, સૂરતના ૧૭ અને વડોદરાના ૧૨ બૂથ ઉપરાંત ભરૂચ અને ભાવનગરના ૪-૪ તથા નવસારીના ૩ તથા આણંદના એક બૂથનો સમાવેશ થાય છે.

### લક્ષ્મીપુરા અને માધવગઢ ગામ પર ગઇકાલે ત્રાટકેલા વાવાઝોડામાં

## પડી ગયેલા વીજ થાંભલાઓ ગણતરીના કલાકોમાં ઉભા કરી વીજ સપ્લાય ચાલું કરાયો

### ગાંધીનગર પ્રાંત અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીએ બન્ને ગામોની મુલાકાત લઇ ગ્રામજનો પાસેથી સાચી પરિસ્થિતિનો તાગ મેળવ્યો



ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના સાબરમતી નદીના કિનારે આવેલા માઘવવઢ અને લક્ષ્મીપુરા ગામમાં ગઈકાલે વાવાઝોડું ત્રાટક્યું હતું. આજે આ બન્ને ગામની મુલાકાત ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયા અને તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.જે.ધાંધલિયાએ લીધી હતી.

ગાંધીનગર તાલુકાના માધવગઢ અને લક્ષ્મીપુરા ગામ ખાતે ગઈકાલે ૯.૩૦ કલાકના સુમારે વાવાઝોડું ત્રાટક્યું હતું. આ વાવાઝોડાના કારણે પાંચ થી છ વીજ પુરવઠો સપ્લાય કરતાં થાંભલા પડી ગયા હતા. જે અંગેની જાણ થતાં જ યુ.જી.વી.સી.એલને આ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાણ કરીને તરત જ નવા થાંભલા નાખી દેવામાં આવ્યા હતા. બન્ને ગામમાં વીજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો હતો. આજે ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયા અને તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.જે.ધાંધલિયાએ મુલાકાત લીધી હતી. તેમણે ગામના વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. જેમના ઘર અને અન્ય નુકશાન થયું છે. તેનો પ્રાથમિક સર્વે કર્યો હતો. વાવાઝોડાથી નુકશાન થનાર ગ્રામજનોની વિગતો તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અંગે સરકાર દ્વારા આપવામાં આવતી સહાયની રકમ નિયમોનુસાર ચુકવવા માટેની કાર્યવાહી પણ હાથ ધરી છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લક્ષ્મીપુરા અને માધવગઢ ગામ વચ્ચે ના માર્ગ પર પડી ગયેલા ઝાડને પણ તાત્કાલિક હઠાવી લેવામાં આવ્યા હતા. માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ વાવાઝોડામાં ૧૨ જેટલા લીમડાના ઝાડ ધરાશય થઈ ગયા છે.

# આગામી ૧૮-૧૯ જૂને સૌરાષ્ટ્ર, દ.ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

### રાજ્યમાં ૬૭ તાલુકામાં વરસાદ : સૌથી વધુ ધરમપુરમાં સવા ત્રણ ઈંચ

ગાંધીનગર, તા.૧૬

રાજ્યમાં ચોમાસાની આગેકૂચ યથાવત છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ૧૪ તાલુકામાં એક ઈંચથી લઈને સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં ધોધમાર ૨થી ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જળાશયોમાં ગત વર્ષ કરતાં ૨૦ ટકા વધુ પાણીનો સંગ્રહ થયો છે. ત્યારે ૧૮-૧૯ જૂને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદી આગાહી હવામાન વિભાગે કરી છે.

જ્યારે અમદાવાદની વાત કરીએ તો, અમદાવાદમાં આગામી શુક્રવાર સુધી વાદળછાયું વાતાવરણ રહેશે અને છૂટાછવાયા ઝાપટાં પડશે. આગામી શનિવાર-રવિવાર દરમિયાન અમદાવાદમાં ભારે વરસાદ પડી શકે છે. ગઈકાલે અમદાવાદમાં ભેજનું પ્રમાણ ૮૧% અને દિવસનું તાપમાન ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતું.

વલસાડના ધરમપુરમાં ૩.૩૨ ઈંચ, અમરેલીના લિલિયામાં ૩.૨૪ ઈંચ, અમરેલીમાં ૨.૫૬ ઈંચ, ગીરસોમનાથના કોડિનારમાં ૨.૧૨ ઈંચ, જુનાગઢના ભેસણમાં ૧.૪૪ ઈંચ, અમરેલીના ખાંભામાં ૧.૩૬ ઈંચ, સુરતના મહુવામાં ૧.૨૪ ઈંચ, રાજકોટના ધોરાજીમાં ૧.૧૬ ઈંચ, સુરતના માંગરોળમાં ૧.૧૨ ઈંચ, જુનાગઢના માંગરોળ, અમરેલીના બગસરા અને ગીરસોમનાથના ઉનામાં ૧.૦૪ ઈંચ વરસાદ નોંધાયો હતો.

બુધવારે વલસાડ, દમણ-દાદરા નગર હવેલી, ગીર, સોમનાથ, દીવ, ગુરૂવારે નવસારી, વલસાડ, દમણ-દાદરા નગર હવેલી, ગીર સોમનાથ, દીવ, શુક્રવારે ભરૂચ, ડાંગ, સુરત, તાપી, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ જ્યારે શનિવારે ભરૂચ, સુરત, અમરેલી, ગીર, સોમનાથ, દીવમાં ભારે વરસાદપડી શકે છે.

નવસારીના ગણદેવી તાલુકામાં આવેલા દેવધા ડેમના ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા છે. ઉપરવાસમાં શરૂ થયેલાં વરસાદના કારણે ડેમમાં નવા નીર આવતા જુના પાણીના સંગ્રહને નદીમાં છોડવામાં આવ્યું હતું. પ્રથમ ફેઝમાં ડેમના ૪૦ દરવાજામાંથી ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા છે. ડેમના દરવાજા ખોલાતાની સાથે જ નદી કિનારે આવેલાં ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. આવતા અઠવાડિયામાં ડેમના અન્ય ૨૦ દરવાજાઓ ખોલવાનું આયોજન કરવામાં આવશે.